JOURNALIST ASSOCIATION OF INDIA
Y.M.SAIYED
PRESIDENT : GUJARAT STATE

RNI.REG.NO.GUJ/GUJ/2001/05986
PO.RE.NO.SRT-627 Lice.to po.wit. pre-pay. Post.at Surat RMS/2 on date-05/02/2010.

WEB:-gujaratmessage.net

નિષ્ઠા અને નિડરતાનું પ્રતિક

ગુજરાત મેસેજ

E-Mile:-ymsaiyed@gmail.com,gujaratmessage@gmail.com,gujarat_massage@yahoo.co.in,ym00720022002@yahoo.com
તંત્રી:-વાય. એમ. સૈયદ
web:http://gujaratmessage.epapertoday.com

વર્ષ ૦૯,અંક ૬૧,શુક્રવાર,તા.૦૫,ફેબ્રુઆરી,૨૦૧૦ મું.ચાંદ.૨૦ સફર હિજરી ૧૪૩૧,પાના-૪, કિંમત .૫૦પૈસા ફેક્સ નં..:(૦૨૬૧)૨૪૪૩૩૦૦ મો.:૦૯૩૨૭૪૧૩૧૪૫,૦૯૭૨૫૭૧૮૧૧૮

Reg.Office:-MESSAGE PUBLICATION,316Silk Palace,Bhagavatalaw Main Road, Chowk Bazar, SURAT.Ph.0261-2431760,Fax 0261-2443300,MoNo.:09327413145,09725718118.

૨ ધમકીની ભાષા સાંખી નહીં લેવાય | 3 ઝઘડિયામાંથી અક્કિકના પથ્થરો વેચી મારવાનું કૌભાંડ ઉજાગર | ૪ સુરતમાં ડ્રગ વિભાગ દ્વારા ઉઘરાતા હપ્તાનો પર્દાફાશ

ભારતનો પાકિસ્તાન સાથે વિદેશ સચિવ સ્તરની મંત્રણા શરૂ કરવા પ્રસ્તાવ

પાકિસ્તાને મુંબઈ હુમલાનાં ષડયંત્રકારીઓ વિરૂદ્ધ અદાલતમાં રજૂ કરેલ સાબિતીઓને કારણે ભારતે ઉઠાવેલ હકારાત્મક પગલું

નવી દિલ્હી,ભારત અને પાકિસ્તાન વચ્ચે મુંબઇ હુમલા બાદથી તમામ સ્તરની મંત્રણા બંધ કરી દેવામાં આવી હતી. ભારતે પાકિસ્તાન સમક્ષ સ્પષ્ટ કર્યું હતું કે,જ્યાં સુધી આતંકવાદ વિરુધ્ધ પાકિસ્તાન પગલા ન લે અને મુંબઇ હુમલાનાં ષડયંત્રકારીઓને સજા ન કરે ત્યાં સુધી કોઇપણ પ્રકારની મંત્રણા નહીં થાય. જો કે હવે ભારતે પોતાનાં આ વલણમાં નરમાશ લાવતાં પ્રસ્તાવ મૂક્યો છે કે, બન્ને દેશો વચ્ચે વિદેશ સચિવ સ્તરની મંત્રણા શરૂ થાય. સૂત્રો મુજબ ગુરુવારે આ અંગે પાકિસ્તાન સમક્ષ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે અને જવાબની પ્રતિક્ષા છે. સૂત્રોએ જણાવ્યું છે કે, આ નિર્ણય મુંબઇ હુમલાની ઘટના બાદથી ભારતનાં વલણમાં નરમાશનો સંકેત આપે છે. કેમ કે પાકિસ્તાન સરકારે મુંબઇ હુમલાનાં આરોપીઓ વિરુધ્ધ અદાલતમાં સાબિતીઓ રજૂ કરી છે અને કદાચ આજ કારણે ભારતે પોતાનું વલણ બદલ્યું છે અને પાકિસ્તાન સમક્ષ વિદેશ સચિવ સ્તરની મંત્રણાનો પ્રસ્તાવ મૂક્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારતની ઇચ્છા આતંકવાદ અને અન્ય એવા મુદ્દા ઉઠાવવાની છે જે બન્ને દેશ વચ્ચે શાંતિ, સૌહાર્દ અને સુરક્ષાનું વાતાવરણ તૈયાર કરવામાં યોગદાન આપી શકે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારત હકારાત્મક વિચારશરણી સાથે વાતચીત કરવાનો પ્રસ્તાવ મુકે તથા અન્ય પ્રાસંગિક મુદ્દાઓ પણ ઉઠાવશે. પ્રસ્તાવિત વાતચીતનાં પરિણામ અંગે સૂત્રોએ જણાવ્યું કે, આ અંગે અત્યારથી નિર્ણય ન લઇ શકાય. જો કે એ બાબતનો સંકેત આપવામાં આવ્યો નથી કે, સચિવ સ્તરની મંત્રણાથી બન્ને દેશો વચ્ચે સમગ્ર મંત્રણાનું વાતાવરણ ઉભુ થશે કે નહીં? કેમ કે સમગ્ર મંત્રણામાં જમ્મુ-કાશ્મીર સહિત કુલ આઠ મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા થઇ રહી હતી જે મુંબઇ હુમલા બાદ બંધ કરી દેવામાં આવી હતી. ભારતે મુંબઇ હુમલા બાદ પાકિસ્તાન સમક્ષ સ્પષ્ટ કરી દીધું હતું કે, જ્યાં સુધી આતંકવાદ વિરુધ્ધ કાર્યવાહી નહીં થાય અને મુંબઇ હુમલાનાં ષડયંત્રકારીઓને સજા નહીં થાય ત્યાં સુધી મંત્રણા નહીં થાય. વિશેષજ્ઞો જણાવી રહ્યાં છે કે, પાકિસ્તાન સરકારે અદાલતમાં મુંબઇ હુમલાનાં ષડયંત્રકારીઓ વિરુધ્ધ સાબિતીઓ આપી અને તેથી જ ભારતે પોતાનું વલણ નરમ બનાવ્યું છે અને વિદેશ સચિવ સ્તરની મંત્રણાનો પ્રસ્તાવ મૂક્યો છે.

મંત્રણા શરૂ કરવા પાકિસ્તાનનો સ્પષ્ટ નનૈયો

ઇસ્લામાબાદ,મુંબઇ હુમલા બાદ પાકિસ્તાન સતત કહેતું રહ્યું હતું કે, ભારતે મંત્રણા બંધ ન કરવી જોઇએ. ભારત મંત્રણા શરૂ કરવા માટે આતંકવાદ વિરુધ્ધ કાર્યવાહી ઇચ્છતું હતું. જો કે ભારતે પોતાનાં વલણમાં શિથિલતા લાવતાં સચિવ સ્તરની વાતચીત માટે ઇચ્છા જાહેર કરી હતી. પરંતુ પાકિસ્તાને ફરી એક વખત આડોડાઇ કરી હતી અને જણાવ્યું હતું કે, દરેક મુદ્દા પર વાતચીત થવાની હોય તો જ મંત્રણા શરૂ કરાશે. પાકિસ્તાન મુજબ ભારતે વાતચીત ત્યાંથી જ શરૂ કરવી પડશે જ્યાંથી બંધ કરી હતી. પાકિસ્તાન વિદેશ મંત્રાલયનાં પ્રવકતા અબ્દુલ બાશીતે ડોન વર્તમાન પત્રમાં જણાવ્યું હતું કે, અમે એવી વાતચીત ઇચ્છીએ છીએ જે સતત ચાલુ રહે જેનું કોઇ પરિણામ નીકળે. આ માટે તમામ મુદ્દા પર વાતચીત થવી જરૂરી છે. પાકિસ્તાન માત્ર થોડાક મુદ્દા પર વાતચીત કરવા માટે તૈયાર નથી. બાશીતે જણાવ્યું હતું કે, ભારતની તરફથી આવનાર પ્રસ્તાવ અંગે અમે વિચાર કરીશું અને ત્યાર બાદ જ નિર્ણય કરીશું.ઉલ્લેખનીય છે કે, ભારતે બુધવારે ઇચ્છા વ્યક્ત કરી હતી કે, જો પાકિસ્તાન આતંકવાદને ડામવા માટે પગલા ઉઠાવશે તો મંત્રણા શરૂ કરાશે.

હવે લોકો હવાઇ જહાજની જેમ તરતી હોટલોમાં રજાઓનો આનંદ માણી શકશે

લંડન,આકાશમાં ઉડતી હોય તેવી તરતી હોટલની કલ્પના થઇ શકે? પરંતુ આવતા થોડા સમયમાં જ લોકો હવાઇ જહાજ જેવી અવકાશમાં તરતી હોટલમાં રજાઓનો આનંદ માણી શકશે.દરિયાઇ કુઝ જેવા એરક્રુઝની નવી ડિઝાઇન તૈયાર કરવામાં આવી છે. સીમૈસ્પોવેલ કંપનીએ તૈયાર કરેલી આ ડિઝાઇનમાં ૨૬૫ મીટરની ઉંચાઇએ હોટલ બનાવવાનો કન્સેપ્ટ છે. અવકાશમાં મહાલવા જેવી આ લકઝુરિયસ સેવા સ્થાપવાનો ઇરાદો છે. મુસાફરીનો અનુભવ જ ઉત્તેજનાભર્યો બનાવવાનો ઇરાદા સાથે સંશોધકોએ એરક્રુઝની ડિઝાઇન ઘડી છે. એટલું જ નહીં આ કલ્પના વાસ્તવિક બની શકે તે માટે વિસ્તૃત ટેકનિકલ પ્લાન પણ તૈયાર કર્યો છે.

આ તરતી હોટલમાં ૧૦૦ મહેમાનો તથા સ્ટાફનો સમાવેશ થઇ શકે તેમ છે. આમાં ૧૦ લકઝુરિયસ એપાર્ટમેન્ટ ભાડા પર આપી શકાશે. હોટલમાં મહેમાનો માટે ભોજન અને બારની પણ વ્યવસ્થા છે. આ તરતી હોટલની ઝડપ ૧૦૦થી ૧૫૦ કિલોમીટર પ્રતિકલાકની રહેશે. આ તરતી હોટલ માટે જંગી નાણાંની જરૂર છે.

સપાએ મારો કચરાપેટીની જેમ ઉપયોગ કર્યો:અમરસિંઘ

નવી દિલ્હી,સપાનાં બરતરફ કરાયેલા નેતા અમરસિંઘે આક્ષેપ કર્યો છે કે, પક્ષનાં નેતાઓએ મારો કચરાપેટીની જેમ ઉપયોગ કર્યો છે. પાર્ટીને પોતાનાં નિર્ણયોથી જે નુકસાન થયું છે તેનો દોષ મારા માથે નાખ્યો છે. તેઓ પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે, સપામાં મારી યાત્રા કચરાપેટી જેવી રહી હતી અને મને કચરો ગણવામાં આવ્યો હતો.

તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, સપાને કલ્યાણસિંહ સાથેની મિત્રતા અને તેની જે કિંમત ચૂકવવી પડી હતી તેનો દોષ મારા માથે મઢી દીધો છે. અમરસિંઘે દાવો કર્યો છે કે, કલ્યાણસિંહને પક્ષમાં લેવાનો

નિર્ણય પક્ષનો હતો અને ગત વર્ષ પક્ષનાં એક સંમેલનમાં મુલાયમસિંહ અને કલ્યાણસિંહની એક જ મંચ પર હતા ત્યારે તેઓ સિંગાપોરની એક હૉસ્પિટલમાં આરામ કરી રહ્યાં હતાં. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, જ્યારે કલ્યાણસિંહને પક્ષમાં સમાવાયા ત્યારે અન્ય ઘણા મુસ્લિમ નેતાઓને ધક્કો લાગ્યો હતો. પરંતુ તેઓને કલ્યાણસિંહ તરફ બોલવા માટે દબાણ કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, જયાપ્રદાને ચૂંટણી માટે પ્રથમ વખત ટિકિટ ફાળવાઇ તે અયોગ્ય હતુ તો તેઓને બીજી વખત શા માટે ટિકિટ આપવામાં આવી હતી. આમ અમરસિંઘ હવે ખુલ્લી રીતે વિદ્રોહનાં મૂડમાં આવી ગયા છે.

શિવસેના કાયદો હાથમાં ન લે:ચવ્વાણ

પૂના,મુંબઇ મુદ્દે શિવસેનાનું આક્રમક વલણ જોતાં મહારાષ્ટ્રનાં મુખ્યમંત્રી અશોક ચવ્વાણે ચેતવણી આપી છે કે, શિવસેના કાયદો પોતાના હાથમાં ન લે. સાથે સાથે તેઓએ જણાવ્યું હતું કે, જે કોઇને સુરક્ષાની જરૂર હશે તેઓને સુરક્ષા ઉપલબ્ધ કરાવવામાં આવશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, અમે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યાં છે અને તે લોકો વિરુધ્ધ કાર્યવાહી કરીશું જેઓ કાયદો પોતાનાં હાથમાં લે છે. તેઓએ ઉમેર્યું હતું કે, પરિસ્થિતિવશ જે કોઇને સુરક્ષાની જરૂર હશે તેઓને સુરક્ષા પૂરી પાડવામાં આવશે. સાથે સાથે ચવ્વાણે કોંગ્રેસ મહાસચિવ રાહુલ ગાંધી અંગે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે દ્વારા કરાયેલ નિવેદનોની નિંદા કરતાં

જણાવ્યું હતું કે, ભારતીય રાજકારણમાં અત્યાર સુધી આ સ્તરે હલકા અને અંગત દોષારોપણ કરાયું નથી. આવા નિવેદનોને વખોડી કાઢવા જોઇએ અને હું રાજ અને ઉદ્ધવનાં નિવેદનોને વખોડુ છું. તેઓએ જણાવ્યું હતું કે, અમે પણ મરાઠી લોકોની સમસ્યાઓને લઇને ગંભીર છીએ અને સરકાર બંધારણ મુજબ તેઓનાં વિકાસ માટે યથાયોગ્ય પગલા ઉઠાવશે. રાહુલ ગાંધીનો મુંબઇ પ્રવાસની શંકાને દૂર કરતાં તેઓએ જણાવ્યું હતું કે, રાહુલ ગાંધીની સુરક્ષામાં વિશેષ સુરક્ષા દળ અને તમામ રાજ્ય પોલીસ લાગી હશે. સાથે સાથે રાજ્ય સરકારે તાજેતરમાં કરાયેલ મરાઠી નેતાઓ દ્વારા વિવાદાસ્પદ નિવેદનો અંગે કાયદાકીય સલાહ માંગી છે અને આગામી સમયમાં તેઓ વિરુધ્ધ પગલા લેવાય તેવી પૂરી શક્યતા છે.

હવામાન સાનુકૂળ રહેતા આ વર્ષે સસ્તી અને ઉચ્ચ ક્વોલિટીની કેરી ખાવા મળશે

અમદાવાદ,શિયાળો હમણા જઉ.. જઉ કરી રહ્યો છે ત્યારે અનુકૂળ અને સાનુકૂળ હવામાનને કારણે રાજ્યમાં કેરીનો મબલખ પાક થવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે. ગત વર્ષે કેરીનાં પાકને મોટો ફટકો પડ્યો હતો. પરંતુ ચાલુ વર્ષે સ્થિતિ સારી છે અને મોટા ભાગનાં આંબાઓમાં મોર આવી આવી ગયા છે. જાણકારોનાં જણાવ્યા પ્રમાણે આંબામાં ફુલ સમયસર આવ્યાં છે. હવે કદાચ વાતાવરણ પલટો લે તો પણ ઉત્પાદન પાકને કોઇ વાંધો આવે તેમ નથી આથી ચાલુ વર્ષે મબલખ કેરીનો પાક આવે ઉતરે તેમ છે.વલસાડનાં બાગાયત અધિકારીનાં જણાવ્યાં મુજબ હાફુસ કેરીનું મુખ્ય કેન્દ્ર એવા વલસાડ પંથકમાં મબલખ ઉત્પાદન થવાનું જણાવ્યું હતું.

જો કે ઉત્પાદકોએ એમ પણ જણાવ્યું હતું કે, ફેબ્રુઆરી માસનાં બે અઠવાડિયા અતિ મહત્વનાં હોય છે. હવામાન સાનુકૂળ રહેવાનાં સંજોગોમાં મબલખ પાક નિશ્ચિત બની જશે અને લોકોને સસ્તા ભાવની ઉત્તમ કેરી ખાવા મળશે. તેઓએ જણાવ્યું હતું કે, કેરીની ગુણવત્તા પણ ખૂબ સારી હશે. આણંદ કૃષિ યુનિ.એ જણાવ્યું હતું કે, હવામાન સારુ રહેતા કેરસ કેરીનો પાક પણ સારો આવશે.

રાહુલ શુક્રવારે મુંબઇની મુલાકાતે:શિવસેના કાળો ઝંડો ફરકાવશે

મુંબઇ,શિવસેનાની ટીકાની ચિંતા કર્યા વિના કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પોતાનાં નિર્ધારિત કાર્યક્રમ હેઠળ શુક્રવારે મુંબઇની યાત્રા કરશે તથા વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. બીજી તરફ શિવસેના રાહુલ વિરુધ્ધ વિરોધ પ્રદર્શન ચાલુ રાખવા પોતાનાં કાર્યકરોને કાળા ઝંડા ફરકાવવા જણાવી દીધું છે. રાહુલનો પ્રવાસ એવા સમયે થઇ રહ્યો છે જ્યારે મહારાષ્ટ્રમાં મુંબઇનો મુદ્દો ચરમસીમાએ છે અને રાહુલ આ મુદ્દે નિવેદન કરી ચૂક્યાં છે કે, મુંબઇ સમગ્ર ભારતનું છે. બીજી તરફ શિવસેના ચીમકી ઉચ્ચારી ચૂકી છે કે, મરાઠી ગૌરવ વિરુધ્ધ ઉચ્ચારાયેલ કોઇપણ શબ્દ સાંખી નહીં લેવાય. આમ મહારાષ્ટ્રમાં મુંબઇ મુદ્દો ચરમસીમાએ છે.

મુંબઇમાં શિવસેના,રાજ ઠાકરે અને સામના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે:શકિલ અહેમદ

મુંબઇ,અત્યારે સતત ચાલી રહેલા મુંબઇમાં શીત યુધ્ધને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે શિવસેનાના મુખપત્ર એટલે કે સામના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાની યોજના બનાવી દીધી છે અને જણાવ્યું હતું કે, સામના વિરૂક કેવા પ્રકારનીકાર્યવાહી કરવામાં આવશે.જો કે મુંબઇ હુમલાનાં શહીદો અને મુંબઇનાં પ્રાંતવાદને લઇને શિવસેના અને કોંગ્રેસના મહાસચિવ રાહુલ ગાંધી આમને સામને આવી ગયા હતા અને શિવસેનાના કાર્યકારી અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ રાહુલ ગાંધીને પડકાર ફેંક્યો હતો કે, જો રાહુલ ગાંધી આ જ પ્રમાણેના વર્તમાં રહેશે તો શિવસેના રસ્તાઓ પર ઉતરવા મજબુર થશે અને રાહુલ ગાંધી મુંબઇની મુલાકાતે આવી રહ્યાં છે. તો પાર્ટીના નેતાઓ સાથે મુલાકાત કરશે અને વિદ્યાર્થીઓ સાથે પણ તેઓ મુલાકાત કરશે. જો કે રાહુલ ગાંધી મુંબઇ મુલાકાતને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકા સામના પર કાર્યવાહી કરવા વિચારી કરી રહી છે. તેની સાથે સાથે કોંગ્રેસના પ્રવક્તા શકીલ અહેમદે જણાવ્યું હતું કે, શિવસેના અને રાજ ઠાકરેની પાર્ટી એમએનએસના ઉશ્કેરણીજનક નિવેદનો પર રાજ્ય સરકાર તેમના વિરૂધ્ધ પણ કાર્યવાહી હાથ ધરવા વિચારી રહ્યાં છે.જેમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અશોક ચવ્હાણે જણાવ્યું હતું કે, શિવસેના અને અમેએનએસ હલકી કક્ષાનું રાજકારણ કરી રહી છે અને આ બધું જ મુંબઇ મ્યુનિ કોર્પોરેશનની ચૂંટણીને ધ્યાનમાં રાખીને કરવામાં આવી રહ્યો હોય તેમ જાણવા મળ્યું છે.

હિંસાનો જવાબ હિંસાથી આપતા અમને આવડે છે:સંજય નિરૂપમ

મુંબઇ, અત્યારે જ્યારે રાહુલ ગાંધી મુંબઇની મુલાકાતે જવાના છે ત્યારે કોંગ્રેસના નેતાઓ પુર જોશમાં આવી ગયા છે અને શિવસેના પર નિશાન સાધવા લાગ્યાં છે અને ચીમકી પણ ઉચ્ચારી રહ્યાં છે કે જો હિંસાનો જવાબ હિંસાથી આપતાં અમને આવડે છે એમ મહારાષ્ટ્ર કોંગ્રેસના અગ્રણી નેતા સંજય નિરૂપમે જણાવ્યું હતું.જો કે રાહુલ ગાંધીની મુંબઇ મુલાકાત સમયે જો શિવસેના દ્વારા કોઇપણ જાતનું છમકલું કરવામાં આવશે તો તેનો જવાબ આપવામાં આવશે તેવું સંજય નિરૂપમે જણાવ્યું હતું.શિવસેનાના દ્વારા કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પર સાધવામાં આવેલા નિશાનોનો કડક ભાષામાં સંજય નિરૂપમે વિરોધ કર્યો હતો અને તેમના કહેવા પ્રમાણે જ વારંવાર ધમકીઓની ભાષા બોલીને લોકોને ડરાવવાનું શિવસેના બંધ કરે અને અન્યથા કોંગ્રેસી કાર્યકરોએ હાથમાં બંગડીઓ નથી પહેરી તેમ ઉશ્કેરણી જનક નિવેદનો આપવામાં આવ્યા હતાં. તેઓ પણ હિંસાનો જવાબ હિંસાથી આપશે અને રસ્તાઓ ઉપર ઉતરી આવશે.આમ, સંજય નિરૂપમે શિવસેનાની દાદાગીરી સામે ખુલીને બહાર આવવા માટે બોલીવુડના તમામ લોકોને પણ અપીલ કરી હતી અને તેમના કહેવા પ્રમાણે કયારેક કરણ જોહર તો કયારેક શાહરૂખ ખાને શિવસેનાની માંફી માંગવી પડતી હોય તો વાસ્તવમાં તેમણે બધાએ એક થઇને આવા ગુંડાઓ સામે પ્રતિકાર કરવો જોઇએ.

પાડાનાં વાંકે પખાલી ડામ તે આનુ નામ

રાજય સરકાર દ્વારા યોજાતા ગરીબ મેળામાં ફાળવાયેલી બસનાં કન્ડકટરનો એક દિવસનો પગાર કપાયો

રાજકોટ,રાજ્ય સરકાર દ્વારા યોજાતા ગરીબ મેળા અંતર્ગત લાભાર્થીઓને સહાયનાં ચેક મુખ્યમંત્રી દ્વારા અર્પણ કરવામાં આવે છે. તેમાં લાભાર્થીને લઇ જવા માટે એસટીની બસ મોકલવામાં આવે છે. તેના કન્ડકરને પરાણે રજા આપી દેવાતી હોય છે. આ કારણે કન્ડકટરનો એક દિવસનો પગાર કપાઇ જતો હોય છે. આ બાબતે કન્ડકટરોમા અસંતોષની લાગણી જોવા મળી રહી છે. લાભાર્થીઓને લાવવા-લઇ જવા માટે એસટી તંત્ર દ્વારા બસ ભાડે આપવામાં આવે છે પરંતુ નવાઇની વાત તો એ છે કે, ડિવિઝન દ્વારા લોકલ રૂટ કાપી નાંખવામાં આવે છે અને બસોને ગ્રામ્ય વિસ્તારની બસો મોકલવામાં આવી રહી છે. કન્ડકટરોનાં જણાવ્યાં અનુસાર જે બસ મોકલવામાં આવી હોય તેના કન્ડકટરને પરાણે રજા પર ઉતારી દેવામાં આવે છે.

આથી કન્ડકટરનો એક દિવસનો પગાર કપાઇ જતો હોય છે. આમ ૫૦૦ બસોનાં ૫૦૦ કન્ડકરોનો ૩૦૦ લેખે પગાર ગણવામાં આવે તો રૂપિયા ૧.૫૦ લાખી બચત કન્ડકટરનાં પગાર દ્વારા કાપી તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે.

આમ એસટી તંત્ર દ્વારા ગરીબ કલ્યાણ મેળામાં બસ મોકલી અને આવક રળે છે અને કન્ડકટરને પોતાની હક્ક રજા જોઇતી હોય તો તે એસટી તંત્ર દ્વારા આપવામાં આવતી નથી. આમ એસટી કન્ડકટરોમાં કચવાટનો ભાવ જોવા મળી રહ્યો છે.